# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમાં આજથી ત્રણ દિવસ દરમિયાન યોજાનારા પ્રવેશોત્સવમાં 8 લાખ 73 હજાર જેટલા વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવાશે**
2. **રાજ્ય સરકારની તમામ વિકાસલક્ષી યોજનાઓ સમય મર્યાદામાં અને ગુણવત્તા યુક્ત ધોરણે પૂર્ણ કરવા મુખ્યમંત્રીની તંત્રને તાકીદ.**
3. **અમદાવાદમાં યોજાનારી રથયાત્રાની સલામતીના લોખંડી બંદોબસ્ત માટે IGથી લઇને કોન્સ્ટેબલ સુધીના 23 હજારથી વધુ પોલીસ અધિકારીઓ અને જવાનો ખડેપગે રહેશે.**
4. **આગામી વર્ષથી ધોરણ 10ની CBSE બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં બે વાર યોજાશે.**
5. **રાજ્યના 138 તાલુકામાં વરસાદ - આગામી છ દિવસ પણ સાર્વત્રિક વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SHALA PRAVESOTSAV

આજથી રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થઇ રહ્યો છે. આજથી 28 જૂન સુધી યોજનારા શાળા પ્રવેશોત્સવનો આજે મુખ્યમંત્રીના હસ્તે મહિસાગર જિલ્લાના કડાણાના દિવડા કોલોનીમાં પી.એમ.શ્રી મોડલ સ્કૂલ ખાતે આરંભ થશે.

## (વોઈસ કાસ્ટ – ચૈતાલી જોષી)

આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ ગ્રામ્યની 686 પ્રાથમિક અને 236 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યક્રમનું આયોજન કરાયું છે.. રાજકોટમાં 867 પ્રાથમિક શાળાઓમાં 18 હજાર 517 ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે. સુરેન્દ્રનગર જિલ્લાની બાલવાટિકામાં કુલ 15 હજાર છ જેટલા બાળકોને પ્રવેશ અપાશે.

---

# CM HIGH LEVEL MEETING

**રાજ્ય સરકારના 9 વિભાગોના 18 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી 21 જેટલા હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સની કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્ય સચિવની ઉપસ્થિતિમાં સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકનો ઉપક્રમ યોજતા મુખ્યમંત્રીએ વિકાસલક્ષી બધા જ પ્રોજેક્ટ્સ સમય મર્યાદામાં અને ગુણવત્તા યુક્ત ધોરણે પૂર્ણ કરવા વિભાગોને મુખ્યમંત્રીએ અધિકારીઓને તાકીદ કરી હતી. પ્રોજેક્ટ્સની પ્રારંભિક કામગીરી અને પ્રગતિથી**

લઈને પ્રોજેક્ટ્સ પુરા થતાં સુધી સંબંધિત વિભાગો વચ્ચે સંકલન માટે મુખ્ય સચિવને સમયાંતરે સમીક્ષા બેઠક યોજવા સૂચના આપી હતી.

સુરત-વાપીમાં ડીપ-સી પાઇપ લાઇન , ભાવનગર બ્રાઉન ફીલ્ડ પોર્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ સહિત સુત્રાપાડા – વેરાવળ – મઢવાડ ફિશિંગ હાર્બર ડેવલોપમેન્ટ, ધોરીમાર્ગોના વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ - મોટા પૂલોનું નિર્માણ અને સુરત અને માણસામાં નવી સિવિલ હોસ્પિટલોનું નિર્માણ , અમદાવાદમાં **10** હજાર **EWS** આવાસો અને તલોદમાં રેલવે ઓવરબ્રિજ તેમજ ખેડાના ખલાલમાં **500** કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન પોલીસ તાલીમ કેન્દ્રનું નિર્માણ સહિતના પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી.

---

# RATHYATRA SECTURITY

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે અમદાવાદમાં આવતીકાલે યોજાનારી રથયાત્રાની સુરક્ષામાં **IG** કક્ષાના અધિકારીઓથી લઈ કોન્સ્ટેબલ સુધીના તમામ વર્ગના કુલ **23** હજાર **884** જેટલા પોલીસ અધિકારીઓ કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાયા છે. રથયાત્રા રૂટ ઉપર **484** જેટલા જર્જરીત મકાનો આવેલા છે. રથયાત્રા દરમિયાન કોઈપણ ભયજનક મકાનોના કારણે દૂર્ઘટના ન બને તેના માટે ભયજનક મકાનો સીલ કરવાની કાર્યવાહી અને હોમગાર્ડ જવાનને મૂકવામાં આવ્યા છે. તેમજ પતરાની આડાશ પણ મુકાઈ છે.

## બાઇટ- હર્ષ સંઘવી , ગૃહરાજ્ય મંત્રી

ભગવાન જગન્નાથની ઐતિહાસિક રથયાત્રામાં અમદાવાદ પોલીસ સાથે ફાયર વિભાગ પણ AIથી સજ્જ કરવામાં આવ્યું છે. લાખો શ્રદ્ધાળુઓ રથયાત્રામાં જોડાતા હોવાથી AI ટેક્નોલોજીનો સૌપ્રથમ વખત ઉપયોગ કરાયો છે. ભૂતકાળમાં રથયાત્રામાં રૂટ પર છત પડવાની ઘટનાને ધ્યાને લઈને ફાયર વિભાગ રથયાત્રા રૂટ ઉપર નક્કી કરવામાં આવેલા 13 સ્થળો પર હાજર રહેશે. રૂટ પર દુર્ઘટના બને તો ત્વરિત રિસ્પોન્સ આપવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

---

# RATHYATRA TODAY WITH VOICE CAST

ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા આવતીકાલે યોજાનારા છે. ત્યારે આજે પણ મંદિરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. આજે સવારે દસ વાગે ભગવાન જગન્નાથ સોનાવેશ ધારણ કરશે. આજે સાંજે 6:30 વાગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિશિષ્ટ પૂજા કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – પીટીસી અમદાવાદ)

---

# BHAVNAGAR RATHYATRA

આગામી 27 જૂનના રોજ ભાવનગર ખાતે ભગવાન જગન્નાથજીની 40મી રથયાત્રા ભાવનગર શહેરના નિયત ૧૮ કિમી માર્ગ પર નીકળનારી છે ત્યારે તે પૂર્વે પારંપરિક નેત્રોત્સવ વિધિ ભગવાનેશ્વર મંદિરે યોજાય હતી.ભુદેવોના હસ્તે

**શાસ્ત્રોક્ત વિધિ-વિધાન પ્રમાણે આજે શહેરના સુભાષનગર ભગવાનેશ્વર મંદિર ખાતે ભગવાન જગન્નાથજી–બલભદ્ર અને બહેન સુભદ્રાની આંખો પર પટ્ટી બાંધવામાં આવી હતી. આવતીકાલે ભગવાનની આંખોની પટ્ટી ખોલવામાં આવશે અને ત્યારબાદ ભગવાન જગન્નાથજી પોતાના ભાઈ અને બહેન સાથે નગરયાત્રાએ નીકળશે.**

---

# CBSE- TWO EXAMS

**સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ( CBSE) એ આગામી વર્ષથી ધોરણ 10ની બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવાની જાહેરાત કરી છે. નવા માળખા અનુસાર, પ્રારંભિક પરીક્ષા ફેબ્રુઆરીમાં યોજાશે જે તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રહેશે. દરમિયાન , મે મહિનામાં લેવાનારી બીજી વૈકલ્પિક પરિક્ષામાં એવા વિદ્યાર્થીઓ બેસી શકશે જેઓ તેમનું પરિણામ સુધારવા માંગે છે.**

**પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમનું પરિણામ સુધારવા વિજ્ઞાન , ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓમાંથી કોઈ પણ ત્રણ વિષયની પરીક્ષા ફરી આપી શકશે. ફેબ્રુઆરીમાં લેવાનાર પરિક્ષાનું પરિણામ એપ્રિલ અને મે મહિનાની પરિક્ષાનું પરિણામ જૂનમાં જાહેર કરવામાં આવશે.**

**આ પહેલ નવી શિક્ષણ નીતિ , 2020નો ભાગ છે , જેમાં વિદ્યાર્થીઓને એક જ શૈક્ષણિક વર્ષમાં બીજી તક આપીને પરિક્ષા સંબંધિત તણાવ દૂર કરવાની ભલામણ કરવામાં આવી છે.**

---

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજે અમદાવાદના પ્રવાસ છે. આ પ્રવાસે દરમિયાન તેઓ સવારે 10 વાગ્યે સિલ્વર ઑક યુનિવર્સિટી ખાતે યુથ પાર્લામેન્ટમાં ઉપસ્થિત રહેશે તથા વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ બપોરે 3 વાગ્યે જીએસસી બેંક , નારણપુરા શાખા, અમદાવાદ ખાતે સંવિધાન હત્યા દિવસ અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આજે સાંજે 5 વાગ્યે તેઓ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નવરંગપુરા ખાતે લેખક પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા દ્વારા લખાયેલ મિસવાસિની જેલ-ડાયરી પુસ્તકનું વિમોચન કરશે..

---

# STATE RAIN

રાજ્યભરમાં હવામાન વિભાગની આગામી છ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી છે. આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ અને છોટાઉદેપુરમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં હળવા વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપવામાં આવી છે. જેને લઈને હવામાન ખાતાના વડા ડો. એ.કે.દાસ વધુ માહિતી આપી રહ્યા છે.

# બાઈટ- ડો. એ.કે.દાસ

આ સાથે જ 138 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નર્મદાના સાગબારા તાલુકામાં અને સુરતના ઉમરપાડા તાલુકામાં 6 ઈંચ વરસાદ પડ્યો છે.

તાપીના કુકરમુંડા, નર્મદાના દેડિયાપાડા, મહિસાગરના લુણાવાડામાં 5 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ડાંગના વઘઈમાં 5 ઈંચ, સાપુતારામાં પોણા ચાર ઈંચ, આહવામાં પોણા ત્રણ ઈંચ અને સુબરીમાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. તો સૌથી ઓછો અમદાવાદ ગ્રામ્ય વિસ્તારની સાથે હિંમતનગર, લિંબડી, વલ્ભીપુર, ખેડામાં અડધો ઈંચ વરસાદ પડ્યો છે.

તો બીજી તરફ અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ગઇકાલે મોડીરાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર રાત્રે બાર વાગ્યા સુધીમાં મણીનગરમાં છ ઇંચ, ઓઢવામાં અને ચકુડિયામાં ચાર ઇંચ કરતા વધુ વરસાદ વરસ્યો હતો.

અમદાવાદમાં ગતરાત્રે **CTM** એક્સપ્રેસ હાઈવે સહિત અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતા ઠેર ઠેર ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.